કોંગ્રેસને સેવાની સાથે નિસ્બત નથી : નરેન્દ્ર મોદી

ગુજરાતના તો ઝૂંપડામાં ૨૪ કલાક વીજળી મળે છે : સોનિયાના આક્ષેપો સામે મોદીનો જવાબ

અમદાવાદ, તા. ૧૦

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતમાં સોનિયા ગાંધીની જાહેરસભાઓમાં ગુજરાતને બદનામ કરવાના સોનિયાના ભાષણો સામે ઉગ્ર પ્રત્યાઘાત આપતા જણાવ્યું કે સોનિયાજી તમને દેશના અને ગુજરાતના ઇતિહાસ અને ભૂગોળની જ ખબર નથી. ગુજરાતના વિકાસ આડે વિઘ્નો નાંખીને ગુજરાતનો વિકાસ રોકવાના કારસા કરનારી કેન્દ્ર સરકાર કયા મોઢે ગુજરાતમાં ભાજપા સરકારને જનહિત વિરોધી ગણાવે છે. ગુજરાતની જનતાએ તો બાર વર્ષથી જનસેવા માટે અમારી સરકારને અપાર પ્રેમ આપ્યો છે. કોંગ્રેસને તો ગુજરાતનો વિકાસ જ આંખમાં ખટકે છે.

ગુજરાતમાં ખેડૂતો પાણી-વિજળી વગર હેરાન થાય છે અને ગુજરાતમાં ૧૦ લાખ બેકારો છે એવા જુઠ્ઠાણાનો સણસણતો પ્રતિભાવ આપતા નરેન્દ્ર મોદીએ બપોર બાદ પાટણ, બાયડ, વિજાપુરની જંગી સભાઓમાં જણાવ્યું કે કેન્દ્રની સરકાર જ સત્તાવાર અહેવાલમાં કહે છે કે ગુજરાતમાં ગ્રોથી ઓછી બેકારી છે. હિન્દુસ્તાનનો કોઈ જિલ્લો એવો નહીં હોય જ્યાંનો જુવાનીયો ગુજરાતમાં રોજીરોટી કમાવવા આવતો ના હોય. મારા ગુજરાતના ઘરેઘરમાં ગરીબના ઝૂંપડામાં પણ ૨૪ કલાક વીજળી છે

મતદાન આપણો ધર્મ - લોકશાહીની સુરક્ષા માટે મતદાન આપણો ધર્મ છે. સરકાર કેવી લાવવી તેનો આધાર દરેક વ્યક્તિની વિચારધાર પર અવલંબે છે. લોકો વડે, લોકો માટે અને લોકોથી ચાલતી સરકાર એનું નામ લોકશાહી સરકાર. અને ચૂંટણીનું પર્વ લોકશાહીનું પવિત્ર પર્વ છે. જેટલું મતદાન વધુ તેટલો લોકોનો અવાજ વધુ અને મતદાન કરવા માટે આજકાલ શાળા-કોલેજો, નગરો - મહાનગરોમાં રેલી યોજી મતદાન જાગૃતિનું અભિયાન ચલાવે છે... આજે અમદાવાદની ડીપીએસ શાળા દ્વારા યોજાયેલી મતદાન જાગૃતિ રેલીમાં આહ્વાન કરાયું છે કે, તમારા દેશને તમારા મતની જરૂર છે... એટલે મતદાન અવશ્ય કરો....

૧૩મીએ મતદાન જાગૃત્તિ માટે માનવ સાંકળનો અભિનવ અભિગમ

ગાંધીનગર, તા. ૧૦

૧૩મી ડિસેમ્બરના રોજ મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત ગાંધીનગર સહિત તાલુકાઓના મુખ્યમથકો પર માનવસાંકળ રચવામાં આવશે.

ચૂંટણી દરમ્યાન વધુમાં વધુ મતદાન થાય તે માટે પંચે ખાસ અભિયાનો યોજવા માટે તંત્રને આદેશ કર્યો છે. તંત્રએ નવતર અભિગમ તરીકે બે લાખ બાળકો દ્વારા સંકલ્પ પત્રનું વિતરણ કર્યું હતું. જેને સારો પ્રતિસાદ સાંપડ્યો છે અને અત્યાર સુધીમાં ૧.૬૦ લાખ જેટલા સંકલ્પપત્રો વાલીઓ દ્વારા ભરીને તંત્રને પરત પણ આપી દેવામાં આવ્યા છે. આ સંકલ્પપત્ર પુરેપુરા ભરાઈને પરત આવશે તેવો વિશ્વાસ તંત્ર રાખી રહ્યું છે.

સંકલ્પ પત્ર અભિયાન બાદ ગાંધીનગર શહેરમાં પણ તંત્રએ વિદ્યાર્થીઓની બે રેલીઓનું પણ આયોજન કર્યું હતું.

હવે તંત્રએ અંતિમ તબક્કામાં માનવસાંકળ રચી અને મતદાર જાગૃત્તિનો અભિગમ અપનાવવાનો નિર્ણય કર્યો છે. સચિવાલય સંકુલ નજીક આ માનવ સાંકળની રચનાને લઈ તંત્રએ આયોજન હાથ ધર્યું છે.

જિલ્લામથક ઉપરાંત તાલુકા મથકે પણ આવી માનવસાંકળ રચવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે માનવસાંકળમાં મતદાન માટે પ્રોત્સાહિત કરતા પોસ્ટરો પ્રદર્શિત કરવામાં આવશે. આ માનવ સાંકળમાં જિલ્લાના અધિકારીઓ પણ જોડાશે તેમજ આ કાર્યક્રમમાં સ્વૈચ્છીક સંગઠનો પણ જોડાય તે માટેના પ્રયાસો તંત્રએ હાથ ધર્યા છે. આજે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે આ અંગે એક બેઠકનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

૧૧૩૬ મકાનોની મંજુરીમાં અઢી વર્ષ લાગ્યા તો ૫૦ લાખ મકાનો બાંધવા કેટલો સમય : કોંગ્રેસ

દરરોજના ૨૭૪૦ મકાન કઈ રીતે બનાવાશે : કોંગ્રેસ દ્વારા ભાજપને વેધક પ્રશ્નો કરાયા

અમદાવાદ, તા. ૧૦

ગુજરાતની ભાજપ સરકારે છેલ્લા ૧૧ વર્ષના શાસનમાં શહેરી-ગ્રામીણ નાગરિકોને પોષાય તેવા વ્યાજબી ભાવે કિંમતે ઘરનું ઘર ઉપલબ્ધ કરાવવામાં સંપૂર્ણ નિષ્ફળ નિવડી છે છતાં ઉત્તમ સરકાર, અસરકારક સરકારના ભ્રામક દાવાઓ રજુ કરીને ગુજરાતની જનતા સાથે છેતરપિંડી કરી રહી હોવાનો આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો. મનિષ દોશીએ ભાજપ સરકારના ચૂંટણી ઢંઢેરાના ૫૦ લાખ મકાન બાંધવાની યોજના માત્રને માત્ર ભાજપની કાગળ ઉપરની અનેક યોજનાઓ પૈકી નંબર ૧ યોજના હોવાની વિગતો આપતા જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકારના શહેરી ગૃહ નિર્માણ વિભાગે

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર જિલ્લામાં એક દાયકામાં ૬૯૨ આત્મહત્યા

માનસિક તણાવ અને નકારાત્મક અભિગમને પગલે સહનશીલતા ગુમાવી બેસતા સમાજજીવનમાં આપઘાતના પ્રમાણમાં ચિંતાજનક વધારો : આ ઉપરાંત મહિલાઓમાં પણ પતિ અને સાસરીયા તરફથી અપાતો ત્રાસ અને નિઃસંતાનપણુ જેવી બાબતો જવાબદાર હોવાના ગણાવાય છે

ગાંધીનગર, તા. ૧૦

આજના આધુનિક અને ઝડપી યુગમાં માણસ ડગલે ને પગલે અપસેટ થવાની ઉતાવળમાં હોય છે. માનસિક તણાવ અને નકારાત્મક અભિગમને પગલે સહનશીલતા ગુમાવી બેસતા સમાજજીવનમાં આપઘાતના પ્રમાણમાં ચિંતાજનક વધારો થયો છે. બેરોજગારી, બિમારી, આર્થીક મંદિ અને પ્રેમમાં નિષ્ફળતા સહિતના કારણો આપઘાતમાં કિસ્સાઓ પાછળ જવાબદાર હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં પણ છેલ્લા એક દાયકામાં ૬૯૨ વ્યક્તિઓ આપઘાતનું ભોગ બની હોવાનું ધ્યાને આવ્યું છે. વધતા જતાં આપઘાતના કિસ્સા શિક્ષિત સમાજ માટે ઘેરી ચિંતાનો વિષય બન્યો છે.

ભારતમાં દર વર્ષે આશરે સો હજાર વ્યક્તિઓ આપઘાત કરતી હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે વિશ્વની કુલ આપઘાતની સંખ્યા સામે આ આંકડો દસ ટકાથી વધુ થાય છે. ભારતમાં આપઘાતની કુલ સંખ્યામાં ગુજરાતનો આંક ૪.૬ ટકા થાય છે. દેશમાં આપઘાતના કારણો અંગેના અભ્યાસ દરમ્યાન વિવિધ પરિબળો જવાબદાર હોવાનું ધ્યાને આવ્યું છે. મોટાભાગના પ્રદેશોમાં બિમારી, કૌટુંબિક કલેશ, આર્થિક મંદિર સહિતના મહત્વના કારણો સ્યુસાઈડ માટે જવાબદાર હોવાનું મનાઈ રહ્યું છે. આ ઉપરાંત મહિલાઓમાં પણ પતિ અને સાસરીયા તરફથી અપાતો ત્રાસ નિઃસંતાનપણુ જેવી બાબતો આપવા માટે જવાબદાર બને છે. વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૦ દરમિયાન આપઘાતનો સૌથી વધુ કિસ્સો સૌરાષ્ટ્રનો ૪૦ ટકા છે. ત્યારબાદ મધ્ય ગુજરાતમાં પણ ૩૦ ટકા હોવાનું ધ્યાને આવ્યું છે. મહિલાઓની સાપેક્ષમાં પુરુષોમાં આપઘાતની સંખ્યા વધુ જોવા મળે છે. જ્યારે ૨૧ થી ૪૦ વયજુથની વ્યક્તિઓ આપઘાતનો ભોગ વધુ બનતી હોવાનું પણ અભ્યાસના અંતે સ્પષ્ટ થયું છે. આજના આધુનિક યુગમાં જટિલતાનો સામનો કરતો વ્યક્તિ માનસિક તાણમાં આવેસમાં આવીને ગમે તે ઘડીએ આપઘાત નોતરે છે. ઊંડી ઉદાસીનતા તેમજ સામાજીક, આર્થિક, માનસિક દબાણ જીવન ટુંકાવા માટે જવાબદાર બન્યું છે. ગત દાયકામાં રાજ્યમાં ૩૭,૩૪૨ વ્યક્તિઓ આપઘાતનો ભોગ બની હોવાનું આંકડાકીય માહિતી પરથી માલુમ પડ્યું છે. વાર્ષિક સરેરાશ મુજબ આપઘાતના કિસ્સાની સંખ્યા ૩,૭૨૫ જેટલી થાય છે. જ્યારે સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતમાં તેનું પ્રમાણ વધુ હોવાનું માલુમ પડ્યું છે. આંકડાકીય માહિતીને ધ્યાને લઈએ તો રાજકોટ ભારતનું સ્યુસાઈડ કેપીટલ હોવાનું સ્પષ્ટ થાય છે. સામાન્ય રીતે રાજ્યના મહાનગરોમાં સ્ટ્રેસના લીધે આપઘાતનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે જે આજના શિક્ષિત સમાજ માટે લાલબત્તી સમાન છે.

પરિવર્તન પાર્ટીના ઉમેદવારે પ્રચાર ઝુંબેશ તેજ બનાવી

ગાંધીનગર, તા. ૧૦

વિધાનસભાની ચૂંટણીને લઈ શહેરમાં રાજકીય પક્ષોની પ્રચાર ઝુંબેશ પરાકાષ્ટાએ પહોંચવા તરફ છે. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો મતદારોનું સમર્થન મેળવવા સેક્ટરો અને ગામડાઓ ખુંદી રહ્યા છે ત્યારે ગુજરાત પરિવર્તન પાર્ટીના ગાંધીનગર ઉત્તરના ઉમેદવાર એમ.આર. પટેલ પણ સમર્થકો સાથે પ્રચાર ઝુંબેશમાં વ્યસ્થ બન્યા છે. પરિવર્તન પાર્ટીના યુવા ઉમેદવાર એમ.આર. પટેલ આજે સેક્ટરોમાં રાઉન્ડ લઈ પોતાને વિજય બનાવવા મતદારોને હાંકલ કરી હતી. આ ઉપરાંત સવારે તેમણે કોર્ટ સંકુલ બહાર પણ વકિલ મતદારોનું સમર્થન મેળવવા અપીલ કરી હતી. ગાંધીનગર ઉત્તરની બેઠક પર ભાજપ અને કોંગ્રેસના પટેલ ઉમેદવારો જોરસોરથી ચૂંટણીલક્ષી પ્રચાર કાર્યમાં મેદાને ઉતર્યા છે ત્યારે પરિવર્તન પાર્ટીના યુવા ઉમેદવાર પણ મતદારોને પોતાની તરફ કરવા કમર કસી રહ્યા છે. પક્ષના મહિલા કાર્યકરો સાથે આજે તેમણે કોર્ટ સંકુલ બહાર વકીલોની મુલાકાત લીધી હતી. સ્થાનિક ઉમેદવાર હોવાના નાતે તેમણે પ્રજાલક્ષી પ્રશ્નોનું નિરાકરણ લાવવાની ખાતરી આપી વિજય બનાવવા જણાવ્યું હતું.

અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરીના જમાઈનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ

માણસા, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક પૈકી માણસા વિધાનસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહેલા અમિતભાઈ ચૌધરીના બનેવી અને અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરીના જમાઈ ડૉ. મુકેશ ચૌધરી સહિત ૩ વ્યક્તિનું અંબાજી માર્ગ પર ચિત્રાસણ ચોકડી પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં કમકમાટીભર્યું કરૂણ મોત નિપજ્યું હતું. આ ગોજારા અકસ્માતમાં થયેલા મોતથી પામેલ માણસા સહિત સમગ્ર ચૌધરી સમાજમાં ઘેરા શોકની કાલીમાં છવાઈ જવા પામી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ માણસા વિધાનસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહેલા અમિતભાઈ ચૌધરીના બનેવી અને કોંગ્રેસના અગ્રણી તેમજ અખિલ આંજણા કેળવણી મંડળ સંસ્થાના પ્રમુખ એવા હરિભાઈ ચૌધરીના જમાઈ ૩૭ વર્ષીય ડૉ. મુકેશભાઈ શીવાભાઈ ચૌધરી અમદાવાદ સ્થિત સોલા સિવિલ હોસ્પિટલમાં જુ. ડૉક્ટર તરીકે ફરજ બજાવે છે અને ગતરોજ ડૉ. મુકેશ પોતાના બે મિત્રો રાહુલભાઈ ભરતરાય જ.જા. (રહે. થલતેજ અમદાવાદ) અને સુરેશભાઈ બળદેવદાસ સોની (રહે. અમદાવાદ) સાથે પોતાની એસેન્ટકાર નં. જીજે-૧-કેબી-૮૯૩૯ લઈ પામેલથી અંબાજી તરફ જઈ રહ્યા હતા. ત્યારે અંબાજી માર્ગ પર ચિત્રાસણ ચોકડી પાસે પડેલી ટ્રક પાછળ અચાનક જ એસેન્ટ કાર ઘૂસી જતા જોરદાર અકસ્માત સર્જાયો હતો. કારનો આગળનો ભાગ ટ્રક પાછળ ઘૂસી જતા આગ લાગવાથી ગાડી લોક થઈ જવા પામી હતી. આથી ત્રણેય યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજવા પામ્યું હતું.

બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી **રાધાકૃષ્ણ મુરલીધર શાહ** તા. ૧૦-૧૨-૨૦૧૨ને સોમવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૧-૧૨-૨૦૧૨ને મંગળવારના રોજ સાંજે ૪ થી ૬ કલાક** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : 'અભિષેક', ૧૦, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર

લિ.

ગં.સ્વ. સુમનબેન રાધાકૃષ્ણ શાહ
દીપા હેમલભાઈ નગરશેઠ
હેમલભાઈ શાંતિલાલ નગરશેઠ (જમાઈ)
દીપક રાધાકૃષ્ણ શાહ
તેજસ દીપક શાહ
જૈમિશ દીપક શાહ
તિર્થક દીપક શાહ

મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી આજે ૯ જાહેરસભાને સંબોધન કરશે

સાવરકુંડલાથી સભાનો પ્રારંભ અને અમદાવાદમાં છેલ્લી સભા સંબોધશે : નરેન્દ્ર મોદી દ્વારા આક્રમક પ્રચાર જારી

અમદાવાદ, તા. ૧૦

ગુજરાત રાજ્યના લોકહૃદય સમ્રાટ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૧૧ ડિસેમ્બરના રોજ ભાજપાના ઉમેદવારોના ચૂંટણી પ્રચારાર્થે ૯ જાહેરસભાઓને સંબોધશે. અમરેલી જીલ્લાના સાવરકુંડલા ખાતેથી સભાનો પ્રારંભ કરશે અને ધીકાંટા, અમદાવાદમાં અંતિમ સભાને સંબોધન કરશે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ૧૧ ડિસેમ્બરના ચૂંટણી પ્રચાર કાર્યક્રમની વિગતો આપતા ભાજપાના પ્રદેશ મીડીયા ઈન્ચાર્જ ડો. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સવારે ૯.૦૦ કલાકે વ્યાયામ મંદિર, સાવરકુંડલા ખાતે પ્રથમ જાહેરસભાને સંબોધી પોતાના ઝંઝાવાતી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરશે. મુખ્યમંત્રી સવારે ૧૦.૩૫ કલાકે જીન કંપાઉન્ડ, ધ્રાંગધ્રા, સુરેન્દ્રનગર જીલ્લામાં, બપોરે ૧૧.૩૦ કલાકે ગોકુલ રેસ્ટોરન્ટ સામે, સુરેન્દ્રનગર ખાતે, બપોરે ૧૨.૪૦ કલાકે મારૂતી જીન, ખેડા-બગોદરા રોડ, ધોળકા ખાતે, બપોરે ૨.૪૦ કલાકે સુનાવ હાઈસ્કૂલ, પેટલાદ ખાતે અને બપોરે ૩.૩૫ કલાકે બાસુટીવાલા ગ્રાઉન્ડ, નડીયાદ ખાતે સભાને સંબોધશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના પ્રચાર કાર્યક્રમની વિગતો આપતા ડો. જગદીશ ભાવસાર વધુમાં જણાવ્યું છે કે નરેન્દ્ર મોદી સાંજે ૬.૦૦ કલાકે રાજપુર પોસ્ટ ઓફિસ, ગોમતીપુર પાસે સભાને સંબોધશે, સાંજે ૭.૦૦ કલાકે બહેરામપુરા પોલીસ ચોકી ખાતે જાહેરસભા સંબોધશે. ૧૧ ડિસેમ્બરના રોજ અંતિમ સભા રાત્રે ૮.૦૦ કલાકે દરિયાપુર પીત્તળીયા બંબા, ધીકાંટા રોડ ખાતે સંબોધશે અને કમળલહેર ઉભી કરવા પ્રજાજનોને આહવાન કરશે.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ફોન : ૨૩૨૨૫૦૧

ફોન : ૨૩૨૩૭૫૦૧

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી - ૨૦૧૨

૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના અપક્ષના લોકપ્રિય ઉમેદવાર

પ્રતાપસિંહ વરવાજી રાઠોડ

જાહેર નિવેદન

આપ જાણો છો કે આગામી તા. ૧૭-૧૨-૨૦૧૨ને સોમવારના રોજ ૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકની ચૂંટણી માટે ગાંધીનગર શહેરના નિષ્ઠાવાન સક્રિય કર્મનિષ્ઠ કાર્યકર **શ્રી પ્રતાપસિંહ વરવાજી રાઠોડ** દ્વારા અપક્ષમાં ઉમેદવારી નોંધાવેલ છે, તો, ગાંધીનગરની જાહેર જનતાને સવિનય નિવેદન કરવામાં આવે છે કે, ગાંધીનગરના પેન્શનર કર્મચારી એવા ઉમેદવાર પ્રતાપસિંહને તેમના નિશાન 'ઓટો રિક્ષા'માં વોટ આપી-અપાવી વિજય બનાવશો તો હું ગાંધીનગર શહેરની જનતાનો આભારી રહીશ. તેમજ ગાંધીનગરના હાલના સળગતા પ્રશ્નોનું સુખદ નિરાકરણ લાવવા હંમેશા તત્પર રહીશ. આપના પ્રશ્નોના ત્વરિત નિકાલ લાવવા હંમેશા અગ્રેસર રહેવાની ખાતરી આપું છું.

આ બધા સેવાના કાર્યો કરવામાં હવે મારી આપની જરૂરિયાત ઊભી થયેલ છે. તો આપનો કિંમત અને પવિત્ર મત મારા નિશાન ઓટો રિક્ષા પર આપી-અપાવી મને વિજયી બનાવશો.

ક્રમાંક	ઉમેદવારનું નામ	નિશાન	ચોકડી
૬	પ્રતાપસિંહ વરવાજી રાઠોડ		X

ચૂંટણી તારીખ : ૧૭-૧૨-૨૦૧૨, સોમવાર

ઓફીસ : શીતલ જનરલ મોટર્સ, જ-રોડ, રાજભવન સ્ટાફ ક્વાર્ટર્સ, સેક્ટર-૧૯, ગાંધીનગર. મો. : ૯૨૭૫૪ ૦૯૩૩૩, મો. ૯૭૨૩૩ ૪૯૭૨૧

રહેઠાણ : પ્લોટ નં. ૧૧૦૨/૧, સેક્ટર-૪/એ, ગાંધીનગર

પ્રકાશક : ઉમેદવાર અપક્ષ ૩૬- ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

BIRLA TYRES
CEAT

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com